Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૧૮–૧૦–૨૦૧૬**

સિન્ડિકેટની સામાન્ય સભા મંગળવાર, તા.૧૮–૧૦–૨૦૧૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૧૮–૧૦–૨૦૧૬ |
|---|---|---|
| ૧. | ડૉ.દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | ગેરહાજર |
| ૨. | ડૉ.ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલ (માનનીય ઉપકુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૭. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૮. | ડૉ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |
| ૯. | ડૉ.રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૦. | ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્ય | હાજર |
| ૧૧. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૨. | શ્રી પરેશ રમેશભાઈ પટેલ | હાજર |
| ૧૩. | શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલ | હાજર |
| ૧૪. | શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૫. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૧૬. | આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |

**નોંધ :–માનનીય કુલપતિશ્રી અનિવાર્ય કાર્યમાં રોકાયેલા હોય બહારગામ હોવાથી માનનીય ઉપકુલપતિશ્રીએ સભામાં અધ્યક્ષ સ્થાન શોભાવ્યું હતું.**

૧. સિન્ડિકેટની તા.૭–૧૦–૨૦૧૬ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત…

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૭–૧૦–૨૦૧૬ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.**

**સિન્ડિકેટની તા.૨–૯–૨૦૧૬ની બાબત ક્રમાંક :૩૪**

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, એસ. એન. જીન. લેબ એન્ડ રીસર્ચ સેન્ટર, બીજો માળ, પ્રેસિડેન્ટ પ્લાઝા, આર. ટી. ઓ.ની પાસે, નાનપુરા, સુરતની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ Cytogenetics and Molecular BiologyG એપ્રુવ્ડ ઈન્સ્ટિટયુટ તરીકેની માન્યતા મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૯–૧૨–૨૦૧૫ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૫) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૯–૪–૨૦૧૬ની ભલામણ ક્રમાંકઃ૨૧૯થી સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર સિન્ડિકેટની તા.૨૮–૪–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૮૪) અન્વયે, સર્વગ્રાહી અભ્યાસ માટે નિયુકત સમિતિના સભ્યોએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ સંદર્ભે સદર સંસ્થાને એપ્રુવ્ડ ઈન્સ્ટિટયુટ તરીકે મંજૂરી આપવી.**

**ને બદલે**

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, એસ. એન. જીન. લેબ એન્ડ રીસર્ચ સેન્ટર, બીજો માળ, પ્રેસિડેન્ટ પ્લાઝા, આર. ટી. ઓ.ની પાસે, નાનપુરા, સુરતની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ Cytogenetics and Molecular BiologyG એપ્રુવ્ડ ઈન્સ્ટિટયુટ તરીકેની માન્યતા મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૯–૧૨–૨૦૧૫ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૫) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૯–૪–૨૦૧૬ની ભલામણ ક્રમાંકઃ૨૧૯થી સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર સિન્ડિકેટની તા.૨૮–૪–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૮૪) અન્વયે, સર્વગ્રાહી અભ્યાસ માટે નિયુકત સમિતિના સભ્યોએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ સંદર્ભે સદર સંસ્થાને એપ્રુવ્ડ ઈન્સ્ટિટયુટ તરીકે મંજૂરી આપવી.**

**(નોંધ : સદર બાબત અંગે આ.ડૉ.વિપિનકુમાર ડી. નાયકે નાસંમતિ નોંધાવેલ છે.)**

**વાંચનમાં લેવું**

**<u>સિન્ડિકેટની તા.૭–૧૦–૨૦૧૬ની બાબત ક્રમાંક :૯</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના માનનીય સિન્ડિકેટ સભ્યશ્રી ઘનશ્યામ રાવલ, ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ, શ્રી સંજય દેસાઈ, ડૉ.ધનેશ વૈદ્ય, શ્રી પરેશ પટેલ, શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલ અને અન્ય સભ્યશ્રીઓની સહીઓથી રજૂ કરેલ તા.૦૧/૦૯/૨૦૧૬ના પત્ર અન્વયે નીચે મુજબ ઠરાવ્યું છે.**

**(૧) મુદ્દા નં. ૧–ધોરણ –૧૨ પછીના સ્નાતકના પ્રવેશ સંદર્ભે નીચે મુજબ ઠરાવવામાં આવે છે કે,**

- **જોડાણ આપતી વખતે બેઠકો/સંખ્યા નકકી થયેલ હોય તેમાં કોઈ પણ પ્રકારની સીટ વધારો સિન્ડિકેટની મંજુરી વિના ન કરવો.**
- **માત્ર સુરત શહેર પુરતી કોલેજની કેન્દ્રિય પ્રવેશ સમિતિ (JAC) રાખવી.**
- **કેન્દ્રિય પ્રવેશ સમિતિ (JAC)માં Online Round ઓછામાં ઓછા ૩ અને વધુમાં વધુ ૪ Online Round રાખવા.**
- **નિયત સમયમાં સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી.**
- **ધોરણ – ૧૨ના પરિણામ આવ્યેથી દિન ૧૫ સુધીમાં પ્રવેશ અરજીઓ સ્વીકારવી. ત્યાર બાદ ૭ દિવસ ચકાસણી / Verification માટે રાખવા અને ત્યાર બાદ મેરીટ જાહેર કરવું.**
- **વિદ્યાર્થીએ તમામ કોલેજીસની પસંદગી (Choice) ફરજીયાત કરવાની રહેશે.**
- **મેરીટ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓને ફી ભરવા માટે ૫ દિવસ આપવા બાદ બીજો રાઉન્ડ અને ત્યાર બાદ ૭ દિવસમાં અંતિમ રાઉન્ડ પૂર્ણ કરવાનો રહેશે.**
- **કેન્દ્રિય પ્રવેશ સમિતિ (JAC) નું ફોર્મ ભર્યુ હોય તો જ વિદ્યાર્થીને પ્રવેશ આપવો.**
- **કેન્દ્રિય પ્રવેશ સમિતિ (JAC)સુરત શહેરની કોલેજની માહિતી આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી. <u>શકય હોય તો</u> ઓછામાં ઓછા ત્રણ રાઉન્ડમાં જ સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી.**

**(૨) મુદ્દા નં. ૨– સદર બાબતે સર્વગ્રાહી તપાસ અર્થે નીચેના સભ્યશ્રીઓની સમિતિ નીમવી.**

**(૧) શ્રી પરેશભાઈ રમેશભાઈ પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩)શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૩) મુદ્દા નં. ૩– નોંધ લેવી.**
**(૪) મુદ્દા નં. ૪– નોંધ લેવી.**
**(૫) મુદ્દા નં. ૫– નોંધ લેવી.**
**(૬) મુદ્દા નં. ૬– નોંધ લેવી.**
**(૭) મુદ્દા નં. ૭– નોંધ લેવી.**

**<u>ને બદલે</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના માનનીય સિન્ડિકેટ સભ્યશ્રી ઘનશ્યામ રાવલ, ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ, શ્રી સંજય દેસાઈ, ડૉ.ધનેશ વૈધ, શ્રી પરેશ પટેલ, શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલ અને અન્ય સભ્યશ્રીઓની સહીઓથી રજૂ કરેલ તા.૦૧/૦૯/૨૦૧૬ના પત્ર અન્વયે નીચે મુજબ ઠરાવ્યું છે.

(૧) મુદ્દા નં. ૧–ધોરણ –૧૨ પછીના સ્નાતકના પ્રવેશ સંદર્ભે નીચે મુજબ ઠરાવવામાં આવે છે કે,

- જોડાણ આપતી વખતે બેઠકો/સંખ્યા નકકી થયેલ હોય તેમાં કોઈ પણ પ્રકારની સીટ વધારો સિન્ડિકેટની મંજુરી વિના ન કરવો.
- માત્ર સુરત શહેર પુરતી કોલેજની કેન્દ્રિય પ્રવેશ સમિતિ (JAC) રાખવી.
- કેન્દ્રિય પ્રવેશ સમિતિ (JAC)માં Online Roundઓછામાં ઓછા <u>૩ રાખવા.</u>
- નિયત સમયમાં સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી.
- ધોરણ – ૧૨ના પરિણામ આવ્યેથી દિન ૧૫ સુધીમાં પ્રવેશ અરજીઓ સ્વીકારવી. ત્યાર બાદ ૭ દિવસ ચકાસણી / Verification <u>માટે રાખી</u> મેરીટ જાહેર કરવું.
- વિદ્યાર્થીએ તમામ કોલેજીસની પસંદગી (Choice) ફરજીયાત કરવાની રહેશે.
- મેરીટ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓને ફી ભરવા માટે ૫ દિવસ આપવા બાદ <u>૫ દિવસ સુધીમાં</u> બીજો રાઉન્ડ અને ત્યાર બાદ ૭ દિવસમાં <u>ત્રીજો</u> રાઉન્ડ પૂર્ણ કરવાનો રહેશે.
- કેન્દ્રિય પ્રવેશ સમિતિ (JAC) નું ફોર્મ ભર્યુ હોય તો જ વિદ્યાર્થીને પ્રવેશ આપવો.
- કેન્દ્રિય પ્રવેશ સમિતિ (JAC)સુરત શહેરની કોલેજની માહિતી આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી. ઓછામાં ઓછા ત્રણ રાઉન્ડમાં જ સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કેન્દ્રીય પ્રવેશ સમિતિ (JAC)માં સુરત મહાનગર પાલિકામાં વિસ્તારમાં સમાવિષ્ટ કોલેજીસનો સમાવેશ કરવો, સુડા એરીયામાં આવતી કોલેજીસને સ્વૈચ્છિક રીતે કેન્દ્રીય પ્રવેશ સમિતિમાં રહેવું કે નહીં રહેવું તે નકકી કરે.

(૨) મુદ્દા નં. ૨–સદર બાબતે સર્વગ્રાહી તપાસ અર્થે નીચેના સભ્યશ્રીઓની સમિતિ નીમવી.

(૧) શ્રી પરેશભાઈ રમેશભાઈ પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)
(૨) શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી (સિન્ડિકેટ સભ્યશ્રી)
(૩)શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)

(૩) મુદ્દા નં. ૩– <u>નિયમાનુસાર ટેન્ડરીંગ કરવું.</u>
(૪) મુદ્દા નં. ૪– નોંધ લેવી.
(૫) મુદ્દા નં. ૫– નોંધ લેવી.
(૬) મુદ્દા નં. ૬– નોંધ લેવી.
(૭) મુદ્દા નં. ૭– નોંધ લેવી.

**<u>(પરિશિષ્ટ : " ક ")</u>**

## <u>વાંચનમાં લેવું</u>

**<u>સિન્ડિકેટની તા.૭–૧૦–૨૦૧૬ની બાબત ક્રમાંક :૨૭</u>**

પરીક્ષા આચાર સમિતિની તા.૨૩–૯–૨૦૧૬ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૨૩–૯–૨૦૧૬ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ખ "માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ખ ")**

**<u>ને બદલે</u>**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૨૩–૯–૨૦૧૬ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ખ "માં દર્શાવ્યા મુજબ બાબત ક્રમાંક : ૧(૧), ૧(૨), ૦૩, ૦૪ને યથાવત મંજૂર કરવી અને બાબત ક્રમાંક : ૦૨ને નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.**

**બાબત ક્રમાંક : ૦૨ – સદર પરીક્ષાના સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ એકઝામને મળેલ મહેનતાણાં કરતા બમણી રકમ દંડ પેટે વસુલવી. સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ એકઝામને ઠપકો આપવો. સંસ્થાને પણ આ ગંભીર બાબતની જાણ કરવી.**

**(પરિશિષ્ટ : " ખ ")**

**<u>વાંચનમાં લેવું</u>**

**<u>સિન્ડિકેટની તા.૭–૧૦–૨૦૧૬ની બાબત ક્રમાંક :૩૨</u>**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને પરિશિષ્ટઃ " ગ "માં દર્શાવેલ પીએચ.ડી. ઓર્ડીનન્સ તથા એમ.ફીલ. નિયમ નંબર ૧૧ને એકેડેમિક કાઉન્સિલના ઠરાવ્યા મુજબ યથાવત મંજૂર કરવો ઉપરાંત એકેડેમિક કાઉન્સિલની તા.૦૧/૧૦/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : ૮ ને યથાવત સ્વીકારી મંજૂર કરવો અને સદર ઠરાવ મુજબ પીએચ.ડી./એમ.ફીલ.ના હાલ પેન્ડિંગ પ્રવેશોમાં તદ્અનુસાર પ્રવેશ કાર્યવાહી કરવી. પીએચ.ડી./એમ.ફીલ. પ્રવેશની જાહેર ખબર નવેમ્બર–૨૦૧૫માં આપી હોય તથા પ્રવેશ પરીક્ષા જાન્યુઆરી – ૨૦૧૬માં યોજાયેલ હોય, પ્રવેશ કાર્યવાહીમાં ખુબ વિલંબ થયો હોવાથી તા.૦૧–૧૦–૨૦૧૬ની એકેડેમિક કાઉન્સિલના ઠરાવ નં. ૦૮ હેઠળ પ્રવેશ કાર્યવાહી UGC Regulation - 2009 હેઠળ સત્વરે કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં કોષ વર્કની જોગવાઈ કરેલ હોય જે સંદર્ભમાં તબીબી વિદ્યાશાખાના પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની જોગવાઈ અન્વયે વિવિધ વિષયોના પીએચ.ડી. સંશોધન પ્રગ્રામની જોગવાઈ સાથે જે તે તબીબી કોલેજોમાં ઈનસ્ટીટયુશનલ રીસર્ચ બોર્ડ (આઈ. આર. બી.)ની રચના કરવામાં આવતી હોય અને તે અંતર્ગત એથીકલ અને સાયન્ટિફીક રીસર્ચ સમક્ષ તબીબી અનુસ્નાતક અભ્યાસકર્તા વિદ્યાર્થીઓનું ડેઝર્ટેશન અનો પીએચ.ડી. સંશોધન અભ્યાસની પ્રપોઝલ અને થીસીસનો ડ્રાફટ જે તે વિષયના તજજ્ઞોની મંજુરી બાદ જ સંશોધન અભ્યાસ કરાવવામાં આવે છે તેથી સિન્ડિકેટ સભ્યશ્રીઓ આ.ડૉ.મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ તથા ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્યનો આજનો પત્ર તથા તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી ડૉ.કે. એન. ભટ્ટના પત્રનો સ્વીકાર કરવો અને સદર બાબતે મંજુરી આપવી.**

**(પરિશિષ્ટઃ " ગ ")**

**<u>ને બદલે</u>**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને પરિશિષ્ટઃ " ગ "માં દર્શાવેલ પીએચ.ડી. ઓર્ડીનન્સ તથા એમ.ફીલ. નિયમ નંબર ૧૧ને એકેડેમિક કાઉન્સિલના ઠરાવ્યા મુજબ યથાવત મંજૂર કરવો ઉપરાંત એકેડેમિક કાઉન્સિલની તા.૦૧/૧૦/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : ૮ ને યથાવત સ્વીકારી મંજૂર કરવો અને સદર ઠરાવ મુજબ પીએચ.ડી./એમ.ફીલ.ના હાલ પેન્ડિંગ પ્રવેશોમાં તદ્અનુસાર પ્રવેશ કાર્યવાહી કરવી. પીએચ.ડી./એમ.ફીલ. પ્રવેશની જાહેર ખબર <u>ડીસેમ્બર</u>–૨૦૧૫માં આપી હોય તથા પ્રવેશ પરીક્ષા જાન્યુઆરી – ૨૦૧૬માં યોજાયેલ હોય, પ્રવેશ કાર્યવાહીમાં ખુબ વિલંબ થયો હોવાથી તા.૦૧–૧૦–૨૦૧૬ની એકેડેમિક કાઉન્સિલના ઠરાવ નં. ૦૮ હેઠળ પ્રવેશ કાર્યવાહી UGC Regulation - 2009 હેઠળ સત્વરે કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં કોષ વર્કની જોગવાઈ કરેલ હોય જે સંદર્ભમાં તબીબી વિદ્યાશાખાના પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની જોગવાઈ અન્વયે વિવિધ વિષયોના પીએચ.ડી. સંશોધન પ્રોગ્રામની જોગવાઈ સાથે જે તે તબીબી કોલેજોમાં ઈનસ્ટીટયુશનલ રીસર્ચ બોર્ડ (આઈ. આર. બી.)ની રચના કરવામાં આવતી હોય અને તે અંતર્ગત એથીકલ અને સાયન્ટિફીક રીસર્ચ સમક્ષ તબીબી અનુસ્નાતક અભ્યાસકર્તા વિદ્યાર્થીઓનું ડેઝર્ટેશન અનો પીએચ.ડી. સંશોધન અભ્યાસની પ્રપોઝલ અને થીસીસનો ડ્રાફટ જે તે વિષયના તજજ્ઞોની મંજુરી બાદ જ સંશોધન અભ્યાસ કરાવવામાં આવે છે તેથી સિન્ડિકેટ સભ્યશ્રીઓ આ.ડૉ.મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ તથા ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્યનો આજનો પત્ર તથા તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી ડૉ.કે. એન. ભટ્ટના પત્રનો સ્વીકાર કરવો અને સદર બાબતે મંજુરી આપવી.**

**(પરિશિષ્ટઃ " ગ ")**

**<u>વાંચનમાં લેવું</u>**

૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં એમ.એસસી.(આઈ.ટી.) પ્રોગ્રામમાં સ્પોર્ટસ કવોટાની પ્રવેશ લેનાર અને હાલમાં બી.એસસી.(આઈ.ટી.) સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ભાનવડીયા રાજની રમતગમત ક્ષેત્રની વિશિષ્ટ સિધ્ધાઓને ધ્યાનમાં રાખી B.Sc.(IT) સેમેસ્ટર–૬ સુધીની Tution Fee અને Lab Fee ની માફી અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

(એમ.એસસી(આઈ.ટી) પ્રોગ્રામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં એમ.એસસી.(આઈ.ટી.) પ્રોગ્રામમાં સ્પોર્ટસ કવોટામાં પ્રવેશ લેનાર અને હાલમાં બી.એસસી.(આઈ.ટી.) સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ભાનવડીયા રાજની રમતગમતમાં આંતરાષ્ટ્રીય કક્ષાએ વિશિષ્ટ સિધ્ધિઓ મેળવી હોવાથી ખાસ કેસ તરીકે ચાલુ સત્રથી સેમેસ્ટર–૬ સુધીની Tution Fee અને Lab Fee ની સંપૂર્ણ માફી આપવી. સદર વિદ્યાર્થીએ રમત ગમતની વિશિષ્ટ સિધ્ધીઓ મેળવી તેના માટે અભિનંદન પત્ર પાઠવવો.**

૩. Internal Quality Assurance Cell (IQAC)ની તા.૦૬/૦૯/૨૦૧૬ના રોજ મળેલ સભાની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

(આઈ.કયુ.એસી/ યુ. જી. સી.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Internal Quality Assurance Cell (IQAC)ની તા.૦૬/૦૯/૨૦૧૬ના રોજ મળેલ સભાની કાર્યવાહીને પરિશિષ્ટઃ " ખ "માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકારવી અને યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટઃ " ખ ")**

૪. સાર્વજનિક કોલેજ ઓફ લૉ, સુરત પાસેથી શિક્ષકોની નિમણૂંકની માહિતી આધાર પુરાવાઓ સાથે મંગાવવી તથા નિમણૂંક પામેલ લાયકાત ધરાવતા શિક્ષકોને છઠ્ઠા પગાર પંચ મુજબનો પગાર આપવા તાકીદ કરવી અને હાલ જે પગાર આપવામાં આવે છે તેના પણ આધાર પુરાવાઓ રજૂ કરવા કોલેજને જણાવતાં, સદર કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રીએ તેમના તા.૧૯–૮–૨૦૧૬ અને તા.૨૯–૯–૨૦૧૬ના પત્રથી મોકલેલ માહિતી ઉપર વિચારણા કરવા બાબત.

**નોંધઃ (૧) સિન્ડિકેટ તા.૧૩/૫/૨૦૧૬ના સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૩) અન્વયે,નીચે મુજબ ઠરાવેલ છે.**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્થાના પત્ર મુજબ અધ્યાપકને નિયમાનુસારનો પગાર ચુકવવામાં આવતો નથી જે ખૂબ ગંભીર બાબત છે સંસ્થા માત્ર રૂા.૧૩,૦૦૦/– હજાર ચુકવે છે તેવુ કબુલે છે તેથી જે તે શિક્ષકોને નિયમાનુસાર પગાર રૂા.૨૫,૦૦૦/– ચુકવવાનો રહેશે તથા જરૂરી એરીયર્સ ચુકવવાના આધાર પુરાવા રજૂ કર્યેથી જ આગામી શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થીઓની નોંધણી (Enrolment/ Registration) કરવામાં આવશે.**

**(૨) સિન્ડિકેટ તા.૨/૯/૨૦૧૬ના સભાના ઠરાવ ક્રમાંકઃ (૯૧) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તમામ અધ્યાપકોને બાકી નિકળતુ એરીયર્સ સત્વરે ચુકવવા તથા હવેથી રૂા.૨૫,૦૦૦/– લેખે પગાર ચુકવવો. તમામ કોલેજીસ પાસેથી બેંક સ્ટેટમેન્ટ મંગાવવા. તમામ અધ્યાપકોના નિયમાનુસાર પગાર ચુકવવા અંગેની એફિડેવીટ મંગાવવી. જયાં અધ્યાપક ન હોઈ ત્યાં આવતા વર્ષથી એક જ ડિવિઝન આપવું.**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્થાએ નિયમાનુસાર પગારનું ચૂકવણું કરેલ હોય તેથી પત્રની નોંધ લેવી અને વિદ્યાર્થીઓની નોંધણી (Registration) કરવી.**

૫. નારણલાલા લો કોલેજ, નવસારી પાસેથી શિક્ષકોની નિમણૂંકની માહિતી આધાર પુરાવાઓ સાથે મંગાવવી તથા નિમણૂંક પામેલ લાયકાત ધરાવા શિક્ષકોને છઠ્ઠા પગારપંચ મુજબનો પગાર આપવા તાકીદ કરવી અને હાલ જે પગાર આપવામાં આવે છે તેના પણ આધાર પુરાવાઓ રજૂ કરવા બાબતે સિન્ડિકેટ, તા.૦૨–૦૯– ૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૯૧ અન્વયે, યુનિવર્સિટી કાર્યાલય તરફથી માહિતી મંગાવતા, શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારીના ચેરમેનશ્રીના તા.૨૯–૦૯– ૨૦૧૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધઃ** (૧)સિન્ડિકેટે, તેની તા.૧૩–૦૫–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૩) થી નીચે મુજબ ઠરાવેલ છેઃ

:: **આથી ઠરાવવામાં આવે છે કે, નિયમાનુસાર શિક્ષકોની ભરતી કરવી તથા શિક્ષકોને નિયમાનુસાર પગાર ચુકવવા સંસ્થાને તાકીદ કરવી.**

(૨)સિન્ડિકેટે, તેની તા.૦૨–૦૯–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૯૧) થી નીચે મુજબ ઠરાવેલ છેઃ

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તમામ અધ્યાપકોને બાકી નિકળતુ એરિયર્સ સત્વરે ચુકવવુ તથા હવેથી રૂા.૨૫,૦૦૦/– લેખે પગાર ચુકવવો. તમામ કોલેજીસ પાસેથી બેંક સ્ટેટમેન્ટ મંગાવવા. તમામ અધ્યાપકોના નિયમાનુસાર પગાર ચુકવવા અંગેની એફિડેવીટ મંગાવવી. જયાં અધ્યાપક ન હોઈ ત્યાં આવતા વર્ષથી એક જ ડિવિઝન આપવું.**

(૩) શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારીના ચેરમેનશ્રીના તા.૨૯–૯–૨૦૧૬ના પત્રની નકલ .**)**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર સંસ્થાએ સિન્ડિકેટના ઠરાવ્યાનુસાર કાર્યવાહી કરી નથી તેથી તેનું જોડાણ રદ કેમ ન કરવુ તથા ફી ઓછી કેમ ન કરવી તેની શો–કોઝ નોટિસ આપવી. દિન–૧૫માં અધ્યાપકોને નિયમાનુસારનો પગાર તથા એરીયર્સ સત્વરે ચુકવવા તાકીદ કરવી.**

૬. શ્રી સી.જે. પટેલ વિદ્યાધામ લો કોલેજ, સુરત પાસેથી શિક્ષકોની નિમણૂંકની માહિતી આધાર પુરાવાઓ સાથે મંગાવવી તથા નિમણૂંક પામેલ લાયકાત ધરાવા શિક્ષકોને છઠ્ઠા પગારપંચ મુજબનો પગાર આપવા તાકીદ કરવી અને હાલ જે પગાર આપવામાં આવે છે તેના પણ આધાર પુરાવાઓ રજૂ કરવા બાબતે સિન્ડિકેટ, તા.૨–૯–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૯૧ અન્વયે, યુનિવર્સિટી કાર્યાલય તરફથી માહિતી મંગાવતા, લાયન્સ ઉમરા પીપલોદ એજયુકેશન સોસાયટી, સુરતના મેમ્બર સેક્રેટરીશ્રીના તા.૨૦–૮–૨૦૧૬ તથા તા.૦૧–૧૦–૨૦૧૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધઃ** (૧) સિન્ડિકેટે, તેની તા.૧૩–૦૫–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૫) થી નીચે મુજબ ઠરાવેલ છેઃ

:: **આથી ઠરાવવામાં આવે છે કે, નિયમાનુસાર શિક્ષકોની ભરતી કરવી તથા શિક્ષકોને નિયમાનુસાર પગાર ચુકવવા સંસ્થાને તાકીદ કરવા.**

(૨) સિન્ડિકેટે, તેની તા.૦૨–૦૯–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૯૧)થી નીચે મુજબ ઠરાવેલ છેઃ

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તમામ અધ્યાપકોને બાકી નિકળતુ એરિયર્સ સત્વરે ચુકવવુ તથા હવેથી રૂા.૨૫,૦૦૦/– લેખે પગાર ચુકવવો. તમામ કોલેજીસ પાસેથી બેંક સ્ટેટમેન્ટ મંગાવવા. તમામ અધ્યાપકોના નિયમાનુસાર પગાર ચુકવવા અંગેની એફિડેવીટ મંગાવવી. જયાં અધ્યાપક ન હોઈ ત્યાં આવતા વર્ષથી એક જ ડિવિઝન આપવું.**

(૩) લાયન્સ ઉમરા પીપલોદ એજયુકેશન સોસાયટી, સુરતના મેમ્બર સેક્રેટરીશ્રીના તા.૨૦–૮– ૨૦૧૬ તથા તા.૧–૧૦–૨૦૧૬ના પત્રની નકલ.**)**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર સંસ્થાએ સિન્ડિકેટના ઠરાવ્યાનુસાર કાર્યવાહી કરી નથી તેથી તેનું જોડાણ રદ કેમ ન કરવુ તથા ફી ઓછી કેમ ન કરવી તેની શો–કોઝ નોટિસ આપવી. દિન–૧૫માં અધ્યાપકોને નિયમાનુસારનો પગાર તથા એરીયર્સ સત્વરે ચુકવવા તાકીદ કરવી.**

૭. **સને ૨૦૧૬-૧૭ના વર્ષની સ્ટુડન્ટ કાઉન્સિલની ચૂંટણીઓમાં અયોગ્ય વર્તન અને અસલામતીનાં વાતાવરણ હોવાના કારણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએરિયા કોલેજ પ્રિન્સિપલસ એસોસીએસનના મંત્રીશ્રીના પત્રાંક ૩૦૩/ ૨૦૧૬ તા.૩/૧૦/૨૦૧૬ પર વિચારણા કરવા બાબત.**

(યુ. ક. અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, લિંગ્દોહ સમિતિના પરિપ્રેક્ષમાં હાલમાં યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગો તથા વિવિધ કોલેજીસમાં યોજાતી સ્ટુડન્ટ કાઉન્સિલની ચૂંટણીઓ બાબતે સર્વગ્રાહી સમીક્ષા કરી અને નવા નિયમો બનાવી અહેવાલ આપવા અંગે નીચે મુજબના સભ્યોની સમિતિ બનાવવી.**

| | | |
|---|---|---|
| **(૧)** | **શ્રી કમલેશભાઈ મગનભાઈ પટેલ** | **(કન્વીનરશ્રી ) (ડીનશ્રી, કાનૂન વિદ્યાશાખા, વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, અઠવાલાઈન્સ, સુરત.)** |
| **(૨)** | **આ.ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ** | **(આચાર્યશ્રી, સિધ્ધાર્થ લો કોલેજ, દાદા ભગવાન મંદિર પાસે, ને.હા.નં.: ૮, નવાગામ, કામરેજ ચાર રસ્તા, સુરત.)** |
| **(૩)** | **આ.ડૉ.વિપીનકુમાર ડી. નાયક** | **(સિન્ડિકેટ સભ્યશ્રી તથા આચાર્યશ્રી, એસ. પી. બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, લાલબંગલા નજીક,અઠવાલાઈન્સ, સુરત.)** |
| **(૪)** | **ડૉ.રાકેશભાઈ એન. દેસાઈ** | **(સિન્ડિકેટ સભ્યશ્રી તથા પ્રો. અને હેડ, અંગ્રેજી વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)** |
| **(૫)** | **શ્રી પરેશભાઈ આર. પટેલ** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |
| **(૬)** | **આ.ડૉ.કિશોરસિંહ એન. ચાવડા** | **(આચાર્યશ્રી, જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ,અમરોલી, સ્ટે.: ઉત્રાણ, સુરત.)** |
| **(૭)** | **શ્રી ભાવેશકુમાર જી. રબારી** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |

૮. Internal Quality Assurance Cell (IQAC)ની તા.૦૩/૧૦/૨૦૧૬ના રોજ મળેલ સભાની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

(આઈ.કયુ.એસી/ યુ. જી. સી.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Internal Quality Assurance Cell (IQAC)ની પરિશિષ્ટ : " ગ " માં દર્શાવેલ તા.૦૩/૧૦/૨૦૧૬ના રોજ મળેલ સભાની કાર્યવાહીને નીચે મુજબના સુધારા – વધારા સાથે મંજૂર કરવી.**

**<u>ભલામણ ક્રમાંક– ૨.૧</u>–IQACનો અહેવાલ સ્વીકારવો અને વધુમાં ઠરાવવામાં આવે છે કે, અગાઉના અધ્યાપકોના કિસ્સામાં IQACની ભલામણ ક્રમાંક : ૨.૧ મુજબ આનુષંગિક કાર્યવાહી ન થઈ હોય તો ત્યાં પણ IQAC ની ભલામણ ક્રમાંક : ૨.૧ મુજબ પુનઃ આનુસંગિક કાર્યવાહી જે તે સમયના નિયમાનુસાર કરવી.**

**<u>ભલામણ ક્રમાંક– ૨.૨</u>–IQACનો અહેવાલ સ્વીકારવો અને વધુમાં ઠરાવવામાં આવે છેકે, અગાઉના અધ્યાપકોના કિસ્સામાં IQACની ભલામણ ક્રમાંક : ૨.૧ મુજબ આનુષંગિક કાર્યવાહી ન થઈ હોય તો ત્યાં પણ IQAC ની ભલામણ ક્રમાંક : ૨.૧ મુજબ પુનઃ આનુસંગિક કાર્યવાહી જે તે સમયના નિયમાનુસાર કરવી.**

**<u>ભલામણ ક્રમાંક– ૨.૩</u>–રિસર્ચ પેપરની જર્નલની impact factor બાબતે પ્રથમદર્શીએ સ્પષ્ટતાની જરૂરીયાત જણાયતો impact factor સ્પષ્ટતા જેતે જર્નલના એડીટર / પબ્લીશર પાસે ઈ–મેઈલથી મંગાવવી. impact factor ગણવાની મેથડની/પધ્ધતિ જો સ્પષ્ટતા ૧ (એક) મહીનામાં ન મળે તો impact factor ની અવગણના કરીને આગળની કાર્યવાહી કરવી.**

**<u>ભલામણ ક્રમાંક– ૨.૪</u>–In case of regional subjects/language, lectures delivered or a research paper presented at State Level/National Level Institution / Bodies shall be considered for API.**

**<u>ભલામણ ક્રમાંક– ૨.૫</u>– યથાવત મંજૂર કરવું.**

**(૩) યથાવત મંજૂર કરવું.**
**(૪) યથાવત મંજૂર કરવું.**
**(૫) યથાવત મંજૂર કરવું.**

**(પરિશિષ્ટ : " ગ ")**

૯. સાસ્કમા ઈંગ્લિશ મિડિયમ કોમર્સ કોલેજ, ડુમસ રોડ, સુરતના ચેરમેનશ્રીએ તેમના તા. ૧–૭–૨૦૧૬ના પત્રથી એસ. વાય.બી.કોમ.માં ક્રમિક વધારાના વર્ગની મંજૂરી આપવા માટે કરેલ વિનંતીના સંદર્ભમાં ડીનશ્રીનો અભિપ્રયા લેતાં તેઓએ કમિટિ નીમવાનું જણાવેલ હોઈ, કમિટિના સભ્યોએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાસ્કમા ઈંગ્લિશ મિડિયમ કોમર્સ કોલેજ, ડુમસ રોડ, સુરતના ચેરમેનશ્રીએ તેમના તા.૧–૭–૨૦૧૬ના પત્રથી એસ. વાય.બી.કોમ.માં ક્રમિક વધારાના વર્ગની મંજૂરી આપવા માટે કરેલ વિનંતીના સંદર્ભમાં ડીનશ્રીનો અભિપ્રયા લેતાં તેઓએ સમિતિ નીમવાનું જણાવેલ હોઈ, સદર સમિતિના સભ્યોએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલને સ્વીકારવો અને એસ.વાય. બી.કોમ.માં વિદ્યાર્થીઓની સંખ્યા વધવાથી વધારેલો ક્રમીક વર્ગ વધારો મંજૂર કરવો.**

૧૦. રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : પગર/૧૨૦૯/૩૬૬૨/ખ, તા.૧૬/૫/૨૦૧૫ થી રાજયની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓનાં રજીસ્ટ્રાર (કુલસચિવ) ની જગ્યાના હાલના પગાર ધોરણ રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૭૬૦૦ સામે યુ.જી.સી.ના પગાર ધોરણ પ્રમાણે નહી પણ રાજય સરકારના પગાર ધોરણ તરીકે સુધારણા કરી રૂા.૩૭૪૦૦-૬૭૦૦૦ ગ્રેડ પે ૧૦૦૦૦ ને ઠરાવમાં જણાવેલ શરતોને આધિન મંજૂરી આપવામાં આવેલ છે. જે સંદર્ભે સિન્ડિકેટની તા.૨૯/૬/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૯ થી સદર ઠરાવનો સૈધાંતિક સ્વીકાર કરેલ છે તથા સ્ટેચ્યૂટ (Statute) બનાવવા અંગેની સમિતિ (ડો.વિક્રમભાઇ બી. દેસાઇ અને ડો.વી.ડી.નાયક) ની તા.૫/૧૦/૨૦૧૬ ની રજુ કરેલ કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : પગર/૧૨૦૯/૩૬૬૨/ખ, તા.૧૬/૫/૨૦૧૫થી રાજયની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓનાં રજીસ્ટ્રાર (કુલસચિવ) ની જગ્યાના હાલના પગાર ધોરણ રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૭૬૦૦ સામે યુ.જી.સી.ના પગાર ધોરણ પ્રમાણે નહી પણ રાજય સરકારના પગાર ધોરણ તરીકે સુધારણા કરી રૂા.૩૭૪૦૦-૬૭૦૦૦ ગ્રેડ પે ૧૦૦૦૦ ને ઠરાવમાં જણાવેલ શરતોને આધિન મંજૂરી આપવામાં આવેલ છે. જે સંદર્ભે સિન્ડિકેટની તા.૨૯/૬/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૯ થી સદર ઠરાવનો સૈધાંતિક સ્વીકાર કરેલ છે તથા સ્ટેચ્યૂટ (**Statute**) બનાવવા અંગેની સમિતિ (ડો.વિક્રમભાઇ બી. દેસાઇ અને ડો.વી.ડી.નાયક) ની તા.૫/૧૦/૨૦૧૬ ની રજુ કરેલ કાર્યવાહી**ને પરિશિષ્ટઃ " ઘ "માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરી સેનેટને ભલામણ કરવી અને આગામી સેનેટની વાર્ષિક સભામાં આ ખરડો આ.ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ પાસે રજૂ (Move) કરાવવો.**

**(પરિશિષ્ટઃ " ઘ ")**

૧૧. પ્રમુખશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી વહીવટી કર્મચારી મંડળ,સુરતના સિન્ડિકેટની તા.૨૬/૦૮ /૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪૦ પર પૂનઃવિચારણા કરવા અંગેના પત્ર ક્રમાંકઃ વહીવટી ક.મં./ ૦૮/ ૨૦૧૬,તા.૨૮/૦૯/૨૦૧૬ પર વિચારણા કરવા બાબત.

નોંધઃ યુનિવર્સિટી કાર્યાલય ધ્વારા સદર ઠરાવ સંદર્ભે કાર્યાલયની તા.૧૨/૦૯/૨૦૧૪ની નોંધ અંતર્ગત કર્મચારીઓની અજમાયશી ધોરણની નિમણૂંક તારીખ ધ્યાને લઈ કર્મચારીઓની બઢતી, ઉચ્ચતર પગારધોરણ, નોકરીના સમયગાળા દરમ્યાનની હકક તેમજ માંદગીની રજા તેમજ નિવૃત્તિના લાભો અંગેની ઘટતી કાર્યવાહી કરવામાં આવેલ છે.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વહીવટી કર્મચારીઓને સ્પર્શતા સેવાના નિયમોમાં નાણાંકીય Implications આવતા હોય એવી બાબતોમાં સિન્ડિકેટના જે પણ કોઈ ઠરાવો જી. સી. એસ. આર.ની સાથે સુસંગત ન હોઈ તેવા તમામ ઠરાવો તથા સિન્ડિકેટની તા.૨૬/૦૮/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૦ સહીતના તમામ ઠરાવોનો અમલ તાત્કાલિક અસરથી રદ કરવા.**

**આમ કરતા હાલમાં અસરગ્રસ્ત વહીવટી કર્મચારીઓના પ્રશ્નોના નિરાકરણની કાર્યવાહી જી.સી.એસ.આર.ના નિયમાનુસાર અગ્રિમ ધોરણે નીચેના ક્રમમાં હાથ ધરવી.**

**(૧) નજીકના ભવિષ્યમાં જે વહીવટી કર્મચારીઓ નિવૃત્ત થનાર એટલે કે તા.૩૧/૧૦ / ૨૦૧૬ના કેસો.**

**(૨) જેનું કામચલાઉ પેન્શન બંધાયુ નથી તેવા વહીવટી કર્મચારીઓમાં સૌથી પહેલા નિવૃત્ત થયેલા કર્મચારીથી શરૂ કરીને ક્રમશઃ કામચલાઉ પેન્શન બંધાય તે માટેની કાર્યવાહી કરવી અને પેન્શન માટેના કેસો તૈયાર કરવા અને આ કેસોનો નિકાલ સત્વરે કરવો.**

**(૩) જે નિવૃત્ત નથી થયા પરંતુ તા.૧૪ જૂન ૨૦૧૭માં નિવૃત્ત થનાર છે તેમના કેસોની નોકરી સબંધિત વિસંગતતાઓ દુર કરવી. નિવૃત્તિના તમામ લાભો તેમને મળે તેવી કાર્યવાહી કરવી.**

**(૪) તા.૧૪–૬–૨૦૧૭થી તા.૩૧–૧૦–૨૦૧૭ દરમ્યાન તથા હવે ભવિષ્યામાં નિવૃત્ત થનાર વહીવટી કર્મચારીઓની નોકરી સેવા બાબતે જે પણ કંઈ વિસંગતતાઓ હોય તે સત્વરે દુર કરવી અને સદર વહીવટી કર્મચારીઓને નિવૃત્તિના તમામ લાભો મળે તે માટેની કાર્યવાહી સત્વરે કરવી.**

૧૨. ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના તા.૧૬/૦૬/૨૦૧૬,પત્રાંક:કવટ/આઈ એસ.સી-૮/ભરતી/૨૦૧૬/ ૧૯૬૭૯/ ૧૯૭૧૧ ઠરાવ મુજબ યુનિવર્સિટી સંલગ્ન અનુદાનિત કોલેજનાં આચાર્યની નિમણુંક તથા કોલેજોમાં ફરજ બજાવતા શૈક્ષણિક સ્ટાફનાં UGC-CAS અંતર્ગત બઢતી માટે તેઓના API ચકાસણી યુનિવર્સિટીનાં IQA Cell માં કરવાની રહે છે. જે સંદર્ભે યુનિવર્સિટીના વિવિધ વિભાગોના શૈક્ષણિક કર્મચારીઓ સદર API ની ચકાસણી કરી રહ્યા છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ તથા સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિધાનગર દ્વારા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓની CAS અંતર્ગત બઢતી માટે API ની ચકાસણી માટે પ્રોસસીંગ ફી નિયત કરવામાં આવેલ છે. જે અંતર્ગત આપણી યુનિવર્સિટી ખાતે પણ પ્રોસેસિંગ ફી નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(IQA Cell)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત હાલ મુલતવી રાખવી.**

૧૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતેના ડે–કેર સેન્ટરને PPP ધોરણે ચલાવવા માટે વનિતા, વિશ્રામ, સુરત તરફથી મળેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત સંદર્ભે વધુ માહિતી વનિતા વિશ્રામ તરફથી મંગાવવી અને ત્યાર બાદ બાબત રજૂ કરવી.**

૧૪. તા.૦૬–૦૮–૨૦૧૬ની નાણાં સમિતિની બાબત ક્રમાંક:૬થી યુનિવર્સિટીનાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ફરજ બજાવતાં શૈક્ષણિક કર્મચારીઓનાં પ્રોવિડન્ટફંડ માટે NPS Scheme લાગુ પાડવા માટે આર્થિક ભારણ અંગેનું પત્રક બનાવી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટની સભા સમક્ષ રજૂ કરવા જણાવેલ હતું. જેના અનુસંધાનમાં વિવિધ વિભાગો પાસેથી મેળવેલ માહિતીને આધારે તૈયાર કરેલ આર્થિક ભારણ અંગેનું પત્રક આ સાથે સામેલ છે. જે અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત હાલ મુલતવી રાખવી.**

૧૫. ડો. જસપાલ એસ. સંન્ધુ, સચીવશ્રી UGC નવી દિલ્હીનો આ સાથે સામેલ પત્ર ક્રમાંકઃ D.O. NO. F.12-1/2015 (CPP-11) તા. ૧૫–૧૦–૨૦૧૫થી મોકલેલ "Guidelines on Determination of a Uniform span Period within wich a student may be allowed to Qualify for Degree" અંગે વિચારણા કરતાં એકેડેમિક કાઉન્સિલ તા.૧૯–૪–૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ ૩૧ થી તમામ ફેકલ્ટીનાં ડીનશ્રીઓનો (Opinion) અભિપ્રાય લેવા ઠરાવેલ છે. સદર ઠરાવને અનુસંધાને આપેલ ડીનશ્રીઓનાં અભિપ્રાય પર વિચારણા કરતા એકેડેમિક કાઉન્સિલ તા.૧૯–૮–૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ ૫૬ થી કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.....

એકેડેમિક કાઉન્સિલ તા. ૧૯–૪–૨૦૧૬ ઠરાવ ક્રમાંકઃ ૩૧

: : આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે પત્રની નોંધ લઈ તમામ ફેકલ્ટીનાં ડીનશ્રીઓનો (Opinion) અભિપ્રાય લેવો.

૧. ડીનશ્રી આર્ટસ ફેકલ્ટીનો અભિપ્રાય
UGC નાં નિયમ પ્રમાણે કરવું જોઈએ.

૨. ડીનશ્રી કોમર્સ ફેકલ્ટીનો અભિપ્રાય
UGC નાં નિયમ પ્રમાણે કરવું જોઈએ.

૩. ડીનશ્રી સાયન્સ ફેકલ્ટીનો અભિપ્રાય
According to UGC Guidelines

$P ડીનશ્રી એજયુકેશન ફેકલ્ટીનો અભિપ્રાય
યુનિવર્સિટીનાં તા. ૨૮–૪–૨૦૧૬નાં પત્રમાં અનુસંધાનમાં સાથે રજૂ કરેલ UGC નાં પત્રનાં સંદર્ભે મારો અભિપ્રાય નીચે પ્રમાણે છે.
UGCનાં નિર્દેશ અનુસાર એમણે જે પેટર્ન દર્શાવી છે એ પ્રમાણે પુખ્ત વિચારણા બાદ આવશ્ય ફેકફાર કરવા જરૂરી બની શકે.

૫. ડીનશ્રી મેડીસીન ફેકલ્ટીનો અભિપ્રાય
મેડીકલ ફેકલ્ટી મેડીકલ કોર્ષનો અભ્યાસક્રમ અને મુદ્દત MCI મુજબ કરવાની થતી CMI MCI નાં નિયમ મુજબ રાખવા ભલામણ છે.

૬. ડીનશ્રી રૂરલ સ્ટડીઝ ફેકલ્ટીનો અભિપ્રાય
UGC નાં નિયમોને ઘ્યાનમાં રાખી ટર્મ આપવી.

૭. ડીનશ્રી કાનૂન ફેકલ્ટીનો અભિપ્રાય
UGC Guidelines on Determination of a Uniform Span Period within which a student may be allowed to qualify for a Degree G[ wIFGDF\ ,[TF LL.B. Programme 5]ZM SZJF DF8[normal minimum period +6 JQF" K[ VG[ LL.M. Programme 5}6" SZJF DF8[ normal minimum period A[ JQF" K[P

Resolution: As per the UGC Guidelines on Determination of a Uniform Span Period within which a Student may be allowed to qualify for LL.B. and LL.M. Degree shall be as under.

A Student who is for whatever reasons is not able to complete his LL.B. or LL.M. Programme as the case may be within normal period of 3 years or 2 years respectively, may be allowed 3 years and 2 years respectively beyond the normal period to clear the backlog to be qualified for LL.B. of LL.M. Degree respectively.

Time Span for LL.B. Programme = 3 years + 3 years for completion of Programme.

Time span for LL.B. Programme 2 years + 2 years for completion of LL.M. Programme.

Further During the extended period the student shall be considered as a private candidate and shall not be eligible for ranking

Ordinarily no student shall be given time beyond the extended period of 3 (Three) years for LL.B. Programme and 2 (Two) Years for LL.M. Programme. In Exceptional circumstance and on basis of merits of each case the University may allow a student one more year for Completion of the LL.B. of LL.M. Programme as the case may be.

